નવી બાબત સેવા વર્ષ ૨૦૧૮-૧૯
સ્કીમ ફોર એડોલેશન્ટ ગર્લ્સ યોજનાની
વહીવટી મંજૂરી આપવા બાબત

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક : આઇસીડી-૧૧૨૦૧૮-૫૮૨-બ
સચિવાલય, ગાંધીનગર
તા. ૧૯/૦૯/૨૦૧૮

વંચાણે લીધા:-

(૧) **ભારત સરકારનો તા.૦૨-૦૪-૨૦૧૮ નો પત્ર ક્રમાંક :F.No.11012/3/2017-O/O ADSABLA**

(૨) **ભારત સરકારની સ્કીમ ફોર એમપાવરમેન્ટ ઓફ એડોલેસન્ટ ગર્લ્સની ગાઈડ લાઈન તા.૦૨-૦૪-૦૧૮**

પ્રસ્તાવના:-

ભારત સરકારશ્રીના "રાજીવગાંધી સ્કીમ ફોર એમ્પાવરમેંટ ઓફ એડોલેશન્ટ ગર્લ્સ" યોજના ગુજરાત રાજ્યના ૧૨ જીલ્લાના ૧૩૪ ઘટકમાં અમલમાં હતી. જેમાં ૧૧ થી ૧૪ વર્ષની શાલાએ ન જતી અને ૧૫ થી ૧૮ વર્ષની શાળાએ જતી તેમજ ન જતી કિશોરીઓને પોષણ અને બિન-પોષણ ની સેવાઓ આપવામા આવતી હતી.

સંદર્ભ-૧ અન્વયે ભારત સરકારશ્રીના પત્ર ક્રમાંક F.No.11012/3/2017-O/O ADSABLA તા.૦૨-૦૪-૨૦૧૮ થી રાજ્યના ૩૩ જીલ્લામાં ૧૧ થી ૧૪ વર્ષની શાળાએ ન જતી કિશોરીઓ માટે "સ્કીમ ફોર એડોલેશન્ટગર્લ્સ " યોજના અમલમાં મુકેલ છે. આ યોજનામાં ૧૧ થી ૧૪ વર્ષની શાળાએ ન જતી કિશોરીઓને પોષણ અને બિન-પોષણ સેવાઓ આપવામાં આવશે.

"સ્કીમ ફોર એડોલેશન્ટ ગર્લ્સ" (SAG) યોજનાની માર્ગદર્શિકા ભારત સરકાર દ્વારા જાહેર કરવામાં આવતાં યોજના અંતર્ગત સંદર્ભ-૧ અને ૨ અન્વયે ભારત સરકાર તરફથી સબલા યોજના તથા કિશોરી શક્તિ યોજના બંધ કરી અને રાજ્યનાં ૩૩ જીલ્લા અને મહાનગર પાલીકામાં ૧૧ થી ૧૪ વર્ષની શાળાએ ન જતી કિશોરીઓ માટે નીચે મુજબની કાર્યવાહી કરવા ઠરાવવામાં આવે છે.

ઠરાવ:-

(૧) રાજીવગાંધી સ્કીમ ફોર એમ્પાવરમેન્ટ ઓફ એડોલેશન્ટ ગર્લસ (સબલા) નું સંપૂર્ણ સ્થાન સ્કીમ ફોર એડોલેશન્ટ ગર્લસ (SAG) એ લીધેલ છે જેથી હવેથી સ્કીમ ફોર એડોલેશન્ટ ગર્લસ (SAG) યોજના તરીકે ઓળખાશે.

(૨) આ યોજનાનો લાભ ૧૧ થી ૧૪ વર્ષની શાળાએ ન જતી કિશોરીઓને મળવાપાત્ર છે.

(3) યોજનાનો હેતુ: આ યોજનાનો મુખ્ય હેતુ કિશોરીઓને શિક્ષિત અને સક્ષમ કરવાનો છે, જેથી તેઓને સ્વાવલંબી થવા સમર્થ બનાવી શકાય તથા સ્વ-વિકાસ અને સક્ષમીકરણ માટે કિશોરીઓને સમર્થ બનાવવી શકાય. તેમજ તેઓના પોષણ અને આરોગ્યની સ્થિતિ સુધારો લાવી શકાય. આ ઉપરાંત વર્તમાન જાહેર સેવાઓ જેમ કે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો,પોસ્ટઑફિસ,પોલીસ સ્ટેશન વિશે માહિતી પુરી પાડી શકાય.

(૪) "સ્કીમ ફોર એડોલેશન્ટ ગર્લસ" યોજના અંતર્ગત ૧૧ થી ૧૪ વર્ષની શાળાએ ન જતી તમામ કિશોરીને પૂરક પોષણ તથા બિન-પોષણ સેવાઓ આપવાની રહેશે.

(૫) ૧૧ થી ૧૪ વર્ષની શાળાએ ન જતી કિશોરીઓ માટે પોષણ સિવાયની સેવાઓ અંતર્ગત આંગણવાડી કેન્દ્રો પર દર માસનાં ચોથા મંગળવારે પૂર્ણા દિવસની ઉજવણી કરવાની રહેશે.

(૬) આ પૂર્ણા દિવસની ઉજવણી માટે પ્રતિ માસ પ્રતિ ચોથા મંગળવારે પ્રતિ આંગણવાડી દીઠ રૂ.૬૦ નો ખર્ચ કરવાનો રહેશે.

(૭) મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક આઈસીડી-૧૧૨૦૧૧-જીઓઆઇ.૫૪-બ તા. ૦૨-૦૮-૨૦૧૧ થી રચવામાં આવેલ રાજ્યકક્ષા, જિલ્લા કક્ષા, તાલુકા અને ગ્રામ્ય કક્ષાએની સમિતીઓ આ યોજના માટે પણ મોનીટરીંગ મુલ્યાકંન અને દેખરેખની કામગીરી કરશે.

(૮) આ યોજના અંતર્ગત પુરક પોષણ સેવાઓ માટે ભારત સરકાર અને ગુજરાત સરકારનો ફાળો ૫૦:૫૦ મુજબ અને બિન-પોષણ સેવાઓ માટે ઘટક દીઠ વાર્ષિક રૂ. ૧.૧૦ લાખ ભારત સરકાર અને ગુજરાત સરકાર ૬૦:૪૦ ના પ્રમાણમાં ખર્ચ કરવાનો રહેશે.

(૯) મહિલા અને બાળ વિકાસ વિભાગ ધ્વારા પૂર્ણા દિવસની ઉજવણી માટે પ્રતિ માસ પ્રતિ ચોથા મંગળવારે રૂ.૧૪૦/- ના ખર્ચથી જોગવાઇ કરવામાં આવી રહેલ છે. તે ઉપરાંત ઉપર દર્શાવેલ રૂ.૬૦/- ની જોગવાઇ ઉમેરતા પૂર્ણા દિવસ માટે પ્રતિ માસ પ્રતિ ચોથા મંગળવારે પ્રતિ આંગણવાડી દીઠ કુલ રૂ.૨૦૦/- ની જોગવાઇ થાય છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(રાહુલ છત્રપતિ)
નાયબ સચિવશ્રી
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ

૧. માન. મંત્રીશ્રી, મહિલા અને બાળ લલ્યાણનાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૨. માન. રા.ક. મંત્રીશ્રી, મહિલા અને બાળ લલ્યાણનાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૩. અધિક મુખ્ય સચિવશ્રી (નાણાં) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૪. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર
૫. નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર
૬. નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ,સહિવાલય,ગાંધીનગર
૭. એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ
૮. જીલ્લા વિકાસ અધિકારીશ્રી, તમામ
૯. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, તમામ
૧૦. પ્રોગ્રામ ઓફીસરશ્રી, આઇસીડીએસ તમામ
૧૧. પ્રોગ્રામ ઓફીસરશ્રી, મહાનગરપાલિકા (અર્બન) તમામ
૧૨. સિલેક્ટ ફાઇલ